

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

કાળાં નાણાંથી જ આ બધા પક્ષો ખૂદ દાઝેલ છે,
દુ:ખે છે પેટ એની સંસદમાં આ બધી ધાંધલ છે,
ખાધેલ છે જમાનાના ઝડપાઈ ગયા છે ઊંઘમાં -
ફાજલ થયું છે નાણું હતું છુપું ગાઠે બાંધેલ છે...

### હાઈકુ

બેન્ક કતારો,
ખાલી એટીએમથી
જન આક્રોશ!

કાળાં નાણાંથી,
રંગાઈ ગયા મેશે -
નેતા ના ચ્હેરા!

### ચિંતન

*દંડે પ્રતીયતે વૃત્તિઃ*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

'દંડનીતિ જ રાજાની યોગ્યતાની પારાશીશી છે.'

રાજાની યોગ્યતાની જાણ એની રાજનીતિથી થાય છે. જો એના રાજયમાં પ્રજા સુખી હોય તો સમજવું જોઈએ કે ઘણો યોગ્ય રાજા છે અને જો એના રાજયમાં પ્રજા દુ:ખી હોય તો તે ઘણો જ અયોગ્ય રાજા છે.

આજકાલ સરકારી કાયદાનું પાલન ન કરનારા અને અનેક છટકબારી શોધી ટેક્સ ન ભરનાર 'બે નંબરી', ગુનાઈતો, જમીન, બમણાં-તમણાં કરી આપનારા - દાણચોરો, લાંચ રૂશ્વત લેનારા, કૌભાંડીઓને શોધી-શોધી જો યોગ્ય રીતે સજા ફટકારવામાં આવે તો દેશ-રાષ્ટ્ર 'રામ રાજય' થઈ જાય! રાજાની દંડ સહિતા અને એના અમલ કરનારા જો સત્ય પથે ચાલનારા નિષ્ઠાવાન હોય તો રાજય - દેશનો વહીવટ પણ નિષ્ઠાવાન બને રાષ્ટ્ર-સુખી થાય - શાંતિ અનુભવે છે.

### સુવિચાર

- કોઈ પણ માણસ એની નીતિઓ કરતાં વધારે સારો હોતો નથી - **ફુલછાબ**
- વૃદ્ધાવસ્થામાં અજ્ઞાની રહેવા કરતાં યુવાનીમાં શીખવું ઓછું કષ્ટદાયક હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દંભ એટલે કાર્યાન્વિત જુઠ્ઠાણું - **અમૃતબિંદુ**
- ચપળતા, ચતુરાઈ અને ચોકસાઈ એ વિજય માટે તોપ સમાન છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- ધર્મના પ્રમાણનો આધાર પુસ્તક નહીં અંતઃકરણ છે - **વિવેકાનંદ**
- માણસને જીંદગીમાં બેઠાં બેઠાં જો કંઈ હાંસલ થઈ શકે તેમ હોય તો તે માત્ર વૃદ્ધત્વ છે - **ચીની કહેવત**
- પ્રેમ અને શંકા બંને એક સાથે હૃદયમાં રહી નહીં શકે - **ખલિલ જીબ્રાન**
- આજનું ઔષધ : ફોતરાવાળી બદામના ફોતરાને બાળી તે ભસ્મ દાંતે ઘસવાથી દાંત પરની પીળાશ દૂર થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

મંદિરે 'નિયમ'થી જવું, પૂનમ ભરવી, ચાલતા જવું એ બધું આત્મવંચના છે જાતને સાથે છેતરપીંડી કે બાહ્ય દંભ-દેખાડા માટે ધાર્મિકતાનો અંચળો જ છે. બાકી રસ્તે ભટકતાં ભિક્ષુક, રોગીઓ, દુ:ખી, ઘરનાં પૂજાનો પાલખ એ બધાં હાથવગાં હરતાં ફરતાં 'મંદિર' જ છે. દષ્ટિની જરુર છે.

મહાત્મા ટોલ્સ્ટોય ઠંડીમાં રસ્તે જતા હતા ત્યાં સામેથી ચિંથરેહાલ વૃદ્ધ ભિક્ષુક આવ્યો અને ટોલ્સ્ટોય સામે હાથી લંબાવી દયાદ્ર ચહેરે તેમની સામે અપેક્ષિત નજરે જોવા લાગ્યો. તેનો ચહેરો જ એવો દયામણો હતો કે કોઈને પણ કંઈક આપવાની ઈચ્છા થઈ જ જાય!

ટોલ્સ્ટોયે ખિસ્સા ફંફોસ્યા - એક પણ ખિસ્સાંમાંથી કાણી કોડી ન નીકળી - મહાત્માએ ભોંઠપ અનુભવી અને ભિક્ષુકનો લંબાયેલા હાથ પકડી ચૂમ્યો - આંખે અને માથે અડાડી કહ્યું - ભાઈ! અત્યારે મારી પાસે તને આપવા જેવું કંઈ જ નથી, દિલગીર છું - માફ કરજે. ભિક્ષુક કહે - સાહેબ! તમે મને જે હૂંફ અને વ્હાલ આપ્યાં એ પ્રેમ, પૈસા કરતાં ખૂબ અધિક છે અમને એની જ ઝંખના વધારે હોય છે. ભિક્ષુકની પ્રેમથી અને ટોલ્સ્ટોયને જવાબથી બંનેની આંખો છલકાઈ.

# વિપક્ષો વિરોધ કરવામાં પણ વેરવિખેર

'ભારત બંધ'ની હવા ઊભી કરીને ડુંગળીની ચીરીઓની જેમ વિપક્ષો વેરવિખેર થઈ ગયા એથી એમની આંતરિક ક્ષમતા સામે પ્રશ્નાર્થ ખડા થયા છે. મોદી ઈચ્છે તો જરૂર ઈંદિરા ગાંધીએ તત્કાલીન જનતા પાર્ટીના જૂથો વિશે કરેલી કોમેન્ટ એમની સામે ઝીંક ઝીલવા માગતા વિપક્ષો સંદર્ભે કરી શકે! બંગાળની વાઘણ તરીકે વિશ્વવિખ્યાત બનેલા પશ્ચિમ બંગના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જોરદાર શક્તિપ્રદર્શન જરૂર કર્યું; પોતે ખતમ થઈ જઈને પણ પણ મોદીની મહત્ત્વાકાંક્ષા બર નહીં આવવા દે એવી ત્રાડ પણ નાંખી, પરંતુ એમના જ પ્રાદેશિત પ્રતિસ્પર્ધી ડાબેરી પક્ષોએ આપેલા 'ભારત બંધ' માં ન જોડાયા. મુખ્ય વિરોધ પક્ષની વણલખી ભૂમિકા ભજવતી કોંગ્રેસે દેશભરમાં આક્રોશ દિવસ મનાવ્યો, પણ બંધનું એલાન તો અમે આપ્યું જ નહોતું - એમ કહી બંધ પળાવવાની પોતાની અશક્તિનો જાણે જાતે જ એકરાર કરી લીધો. જે બિહારમાં નીતીશકુમાર અને લાલુપ્રસાદ યાદવે ખભેખભા મિલાવી મોદીના વિજયરથને રોકી વિદાનસભાની ચૂંટણીમાં જ્વલંત વિજય હાંસલ કર્યો હતો ત્યાં બેઉ મિત્ર પક્ષો વચ્ચે પણ બંધના મુદ્દે મતભેદો ઊભા થયા. જદ (યુ) કોઈ પણ સંજોગોમાં કાળાં નાણાં સામેની મોદીની ઝુંબેશની વિરુદ્ધ હોવાની છાપ ઊભી કરવા માગતું નથી. નીતીશકુમારે પહેલાં જ દિવસથી આ મુદ્દે વડાપ્રધાનને સમર્થન જાહેર કરેલ છે. સંસદમાં લોકોને પડી રહેલી હાલાકી વિશે સિનિયર નેતા શરદ યાદવ વિપક્ષોની સાથે દેખાય, પણ ભારતબંધ તો શું, પટણા બંધના સ્થાનિક કાર્યક્રમમાં પણ જદ(યુ) જોડાવા તૈયાર નહીં હોવાથી લાલુ યાદવ બિહારમાં એકલા પડી ગયા! કોંગ્રેસની સાથે એમણે આક્રોશ દિવસ જરૂર મનાવી લીધો. બંધમાં માયાવતીનો પક્ષ પણ ધરાર જોડાયો. બલકે માયાવતીએ તો જાહેરમાં કબૂલ્યું કે સરકારનો વિરોધ કરવામાં વિપક્ષો એક પ્લેટફોર્મ પર નથી આવી શક્યા. કારણ કે 'બબુઆ'ની સરકાર સામે પણ મોદી સરકાર સામે છે એટલો જ મોટો વાંધો છે. મુલાયમસિંહે ગાઝીપુરમાં મોદીએ કરેલી સભાના જવાબમાં સભા કરીને નોટબંધીના નિર્ણયથી ખેડૂતો બેહાલ થઈ રહ્યા છે અને પ્રજા પોતાનાં જ નાણાં મેળવવા માટે બેંકો સામે ટળવળી રહી છે એવી રજૂઆત કરી, પરંતુ 'ભારત બંધ' થોડે અંશેય સફળ રહ્યો હોય તો ફક્ત ત્રિપુરા અને કેરળ જેવાં ડાબેરી પક્ષ શાસિત રાજ્યો પૂરતાં જ. મોદી અને ભાજપ માટે વિપક્ષોની નિષ્ફળતા એ જ મોટી સફળતા છે. મોદીએ નોટબંધીનો નિર્ણય કરીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ સર્જિત કરી લીધી છે. 'ટાઈમ' મેગેઝિન વધુ એકવાર એમને 'મેન ઑફ ધ ઈયર' ના બહુમાન સાથે એના મુખપૃષ્ઠ પર ચમકાવવાની તૈયારીમાં પડ્યું છે. કોંગ્રેસના આક્રોશને પ્રજાકીય સમર્થન મેળવવાનાં ફાંફાં પડી રહ્યાં છે. શું મોદી એકલા હાથે આ તમામને ફરી એક વાર ધૂળ ચટાળવાની કવાયત કરી રહ્યા છે? ઉત્તરપ્રદેશ, પંજાબ, ગોવા અને ગુજરાતની ચૂંટણીઓનાં પરિણામો સુધી રાહ જોવી જ રહી. શરુઆતનાં વાંધાવચકા પછી અકળ કારણોસર રતન તાતા જેવા ઉદ્યોગપતિએ મોદીનાં વખાણ શરુ કર્યાં છે, તો બીજી તરફ મોદી પોતે બધું જ ગરીબો માટે કરી રહ્યા હોવાની છાપ ઉપસાવી રહ્યા છે.

**તંત્રીસ્થાનેથી...**

# બેસ્ટ ટોનિક આમળા : ખાઓ, ખવડાવો અને રહો ફીટ એન્ડ ફાઇન...




ગાંધીનગરમાં ધીમે ધીમે રૂટીન ચેન્જ થઈ રહ્યું છે. મૉર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે, વહેલી સવારે ચાદર ઓઢવી પડે છે, વેસેલીનનો ઉપયોગ પણ શરૂ થઈ ગયો છે, અને માર્કેટમાં સરસ મજાના આમળાની આવક શરૂ થઈ ગઈ છે..એટલેકે શિયાળાનો સમય શરૂ થઈ ગયો છે. શિયાળો એટલે મોટાભાગના લોકોની ગમતી સીઝન. શિયાળામાં વધુ ફ્રેશ રહેવાય. અને શરીર પ્રત્યે નેચરલી જ થોડી વધુ સજાગતા પ્રવર્તે. આ સજાગતાને ધ્યાનમાં લઈને આજે આપણે શરીર માટેના બેસ્ટ ટોનિક આમળાની વાત કરીએ.

આમળાનું આયુર્વેદમાં પ્રચૂર વર્ણન છે. ખૂબ ઉપયોગીતા છે અને ખૂબ ઈમ્પોર્ટન્સ છે. ત્રિફળામાંના એક દ્રવ્ય એવા આમળા અનેકાધિક રીતે ગુણકારી છે. આમળાને અમૃતફલા અને વયસ્થા કહ્યા છે, એટલેકે આમળાનું નિત્ય સેવન કરનારાઓ દિર્ઘાયુષ્ય ભોગવે છે અને અકાલ મરણને પ્રાપ્ત થતા નથી. વિટામિન ''સી'' ના પ્રચૂર સ્રોત એવા આમળાના ગુણોને જાણીએ.

આમળા શ્રેષ્ઠ રસાયણ ઔષધ છે.



આયુર્વેદમાં આમળાને લગતા અનેક રસાયણ પ્રયોગો છે..અમુક પ્રયોગોમાં તો એવા એવા વર્ણનો છે કે જે આજે આપણને પ્રેક્ટીકલી અશક્ય લાગે પણ આ અતિશયોક્તિયુક્ત વર્ણનો પાછળનો અનિર્દિષ્ટ સાર આમળાની કાર્મુકતા અને પ્રભાવને સિધ્ધ કરે છે. આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા લખાયેલ ચરકસંહિતામાં વર્ણીત આમળાના એક રસાયણ પ્રયોગ પર નજર કરીએ...

'વ્યક્તિએ એક વર્ષ સુધી ફક્ત ગાયનાં દૂધ પર રહેવું, ગાયત્રીમંત્રના જાપ કરવા અને બ્રહ્મચર્યનું પાલન કરવું. એક વર્ષ બાદ ત્રણ દિવસના ઉપવાસ કરી, શારીરિક શુધ્ધ થઈ, માગશર-પોષ મહિનાની કોઈપણ તિથિમાં આમળાના વનમાં પ્રવેશ કરવો. મોટા ફળોયુક્ત ભરપૂર આમળા જેમા હોય તેવા વૃક્ષ પર ચઢીને આમળા લેવા. આમળાને હાથમાં લઈ બ્રહ્મનો જાપ કરતા કરતા 'આમા અમૃતનો પ્રવેશ થઈ રહ્યો છે તેવી ભાવના કરવી' આથી તે આમળામાં અમૃતતત્વનો સંચાર થશે. આમળા મધુરતાને પામશે. આવા આમળા જેટલા ખાવામાં આવે તેટલા હજાર વર્ષનું (હા, હજાર વર્ષ) દિર્ઘાયુષ્ય વધે છે. મનુષ્ય સાક્ષાત દેવસ્વરૂપ બને છે અને લક્ષ્મી-સરસ્વતિને પામે છે. ''છે ને કોઈ સાઈ-ફાઈ ફિલ્મની સ્ટોરી જેવું વર્ણન... સ્વાભાવિક જ.. આ પ્રયોગ કરવો પ્રેક્ટિકલી અઘરો છે, પણ એટલું તો ચોકકસ કહી શકાય કે આપણા મહર્ષિઓને આમળા પ્રત્યે કેટલો સ્નેહ અને વિશ્વાસ હશે કે તેઓ આટલું અદ્ભૂત વર્ણન કરી શકે...

આપણે ભલે આવા પ્રયોગો ન કરી શકીએ... પણ આમળાની સીઝનમાં તેનો ઉપયોગ તો કરી જ શકીએ. આમળાથી ઈમ્યુનીટી વધે, સ્કીન સરસ થાય, વાળ માટે હિતકારી છે, તાવ મટે, શરીરની ગરમી દૂર થાય, ડાયાબીટીસ માટે ઉપયોગી છે, વીર્યવૃધ્ધિ થાય, શરીરમાં ક્યાયથી લોહી પડતું હોય (જેમકે નસકોરી, પાઈલ્સ કે વધું પડતા માસિક) તેમા શાંતિ થાય, બાળકોની મેમરી વધે, ભૂખ અને પાચન સુધરે... આવા કેટલાય ઉપયોગો છે આમળાના. હા, પ્રમાણભાન નહિં ભૂલતા... અતિની ગતિ નથી... જેને ખટાશ વધું માફક નથી આવતી તેઓ પણ સાચવીને ઉપયોગ કરજો. બાકી, આ સિઝનમાં બેસ્ટ ટોનિક એવા આમળા અત્યારે તાજા-માજા મળે છે... તો ખાઓ, ખવડાવો અને રહો ફીટ એન્ડ ફાઈન...

- contact@atharvaayu.com

# લ્યો, પાર્થે ચડાવી દીધું બાણ!




આખા દેશમાં એક જાતની ધમાચકડી મચી છે. ચોરે ને ચૌટે, પાનના ગલ્લે ને હોટલોના ટેબલે, મંદિરના બાંકડે કે બગીચાના ઘાસમાં, ભીડ ભરેલી ટ્રેનમાં કે ખાલીખમ પ્લેટનમાં, સરકારી ઑફિસમાં કે રજવાડી હોટલમાં, મિત્રોની ટોળીમાં કે ભજનમંડળીના સમુહમાં, ગામ, ગલી, ફળિયું, શહેર, સડકો, શેરીઓ કે પોળો, સઘળે, સઘળે અને સઘલે એક જ વાત ચર્ચાઈ રહી છે. પાંચસો અને હજાર રૂપિયાની નોટો પર લાગેલા પ્રતિબંધની. આઠમી તારીખની સમી સાંજે વડાપ્રધાને ભારતીય ચલણની મોટી નોટો રદ કરવાની જાહેરાત કરી ત્યારથી ભારતભરમાં વાતોનો, અફવાઓનો, ભયસૂચક ભવિષ્યવાણીનો વાવંટોળ ફૂંકાયો છે. સરદાર, પોતે લીધેલા પગલાનો જોરશોરથી બચાવ કરી રહી છે. વિરોધપક્ષો, ભલે એક ના થઈ શક્યા હોય પણ બધી બાજુથી સરકાર પર એકસરખો હૂમલો કરી રહ્યા છે. સાથોસાથ બંનેના ટેકેદારો, વફાદારી બતાવવાની આ એક અમૂલ્ય તક મળી છે એમ સમજીને એમનામાં હોય એટલી તાકાતથી સરકારી પગલાનો બચાવ અથવા વિરોધ કરી રહ્યા છે. મીડિયાવાળા એમની ચેનલો પર સરકારી પ્રધાનોના, વિરોધી નેતાઓના, પ્રજાના, બેંકોના અધિકારીઓના નિવેદનો સતત પ્રસારીત કરી રહ્યા છે. વચમાં જયાં સમય મળે ત્યાં આ વિષયની ઉગ્રાતિઉગ્ર ચર્ચાઓ દર્શાવી રહ્યા છે. આ બધામાં પાછા ટ્વિટરભાઈઓ કાયમની જેમ હોંશે હોંશે જોડાય છે. એમાં એટલી બધી જાતની જાતજાતની કોમેન્ટ્સ, રમૂજો, સૂચનો અને શેરશાયરીનો ધોધમાર વરસાદ વરસવા માંડ્યો છે કે વર્તમાનપત્ર વાળાભાઈઓને એક મોટો સમાચાર આ ટ્વિટરશૂરાઓ જ ઉપલબ્ધ કરી આપે છે. એ બધું વાંચીને ઘણીવાર હસવું આવે છે, ઘણીવાર મન ક્ષુપ્ત થઈ જાય છે.




માનનીય વડાપ્રધાનશ્રીએ તા.૮-૧૧-૨૦૧૬ની સાંજે બહાર પાડેલા ફરમાનથી ઉદ્દભવેલી પરિસ્થિતિનો લાભ લેવા. (તાગ લેવાનું ગજું આપણું નહીં) મેં પણ મારાથી બનતા પ્રયત્ન કર્યા. પહેલાં બે દિવસ દૂરદર્શનના પડેલા એટીએમ આગળ લાગેલી લાઈનોનાં દર્શન કર્યા. ત્રીજા દિવસે પ્રત્યક્ષ ચિતાર મેળવવા ઈન્ફોસીટીમાં આવેલી બેંકે ગયો. જૂની નોટો જમા કરાવવાવાળા, નોટો બદલાવનારા અને એટીએમમાંથી નાણાં મેળવનારા ભાઈઓ ખબર નહીં કયારના આવીને હરોળમાં ખડા રહી ગયા હતા. બપોરના બાર વાગવા આવ્યા હતા પણ ત્રણેમાંથી એકે કામગીરી શરુ થઈ ન હતી. ઘણા નોટો બદલવાના ફોર્મ ભરતા હતા તો ઘણા જૂની નોટો જમા કરાવવાની સ્લીપો શોધતા હતા. અમે ખિસ્સામાં નાણાંને બદલે સ્લીપ લઈ પાછા ફર્યા. બારમી તારીખે સાહિત્યસભાના કાર્યક્રમોમાંથી પાછાં ફરતાં રસ્તામાં આવતી બધી બેંકોનો દ્વારે વળગેલી કતારો જોતાં જોતાં આવતા હતા પણ કયાંક મન ઠર્યું નહીં. છેવટે ઉદ્યોગભવનમાં નસીબ અજમાવવાનું વિચાર્યું. નાકા પરનું એટીએમ યથાવત્ અર્થાત્ બંધ હતું. અંદરની બેંકમાં થોડીક ઓછી લાઈન જોઈ મન લલચાયું. ઊભા રહ્યા. પોણા કલાક પછી મને અને મારી પુત્રીને બે-બે હજાર મળતાં દિલ ખુશખુશ થઈ ગયું. ત્રણ દિવસ પછી મારી પુત્રીને જૂની હજારની નોટો જમા કરાવવા ઈન્ફોસીટી મોકલી, હું મુખ્ય શાખામાં પૈસા એક કલાક પાંચસોની નોટો જમા કરાવવા અને દોઢ કલાક મારા પોતાના પૈસા વાપરવા મેળવવા માટે ઊભો રહ્યો. બીજી લાઈનમાં મારી પાછળ જ એક ભારે કચકચિયો ભટકાઈ ગયો. એની સતત વહેતી વાક્યધારાથી અમારી લાઈનવાળા તો ઠીક આજુબાજુની લાઈનમાં ઊભેલા ભાઈઓ-બહેનો પણ કંટાળી ગયા. કેટલાક માણસો સદાકાળ અસંતોષી હોય છે. તેઓ અસંતોષી હોય એમાં આપણને કોઈ વાંધો નથી. પણ કયાંક થોડોકો તો વિરામ મજબૂર શ્રોતાઓને આપવાનો કે નહીં? ગમે તેવી કંટાળાજનક સિરિયલ-વાળા પણ વચવચમાં જાતે વિરામ લે છે અને સાંભળનારા પર દયા દાખવે છે. પણ આ ભાઈ તો? નાણાં મળતાં જ મને બેવડી મુક્તિ મળી. લાગે છે કે મારી રામકહાણી (ઉર્ફે બામકહાણી) અટકાવવી જોઈએ, નહીં?

ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ચૂંટણીઓ માથા પર છે. બધા જ પક્ષો કોઈ પણ હિસાબે (જોખમ હંમેશા પ્રજાના શિરે જ હોય ને?) જીતવા માંગે છે. આ માટે તેઓ કોઈ પણ રસ્તાઓ અપનાવવા તૈયાર છે. કેટલાકના મતે નોટબંધનું પગલું વિરોધપક્ષોને ચિત્ત કરવા જ લેવાયું છે. કેટલાકનો વળી એવો અભિપ્રાય છે કે આ ડગલું જ સરકાર માટે બૂમરેંગ સાબિત થશે. જે થવાનું હોય તે થાય, અત્યારે પ્રજા બેંકોના દરવાજે રીતસર પીસાઈ રહી છે અને એટીએમના રોજેરોજ ધક્કા ખઈ રહી છે. રોજ મજૂરી કરીને રોજ ખાનારા માટે મહાપ્રશ્ન ખડો થયો છે. એમને તો નાણાં બદલવા લાઈનમાં ઊભાં રહેવું કે કમાવા જેવું? ઘણી જગ્યાએ મજૂરોને નાણાં ચૂકવનારાઓ પાસે જ પૈસા નથી એવો ત્રાકડો રચાયો છે.

આ કોલમમાં એકવાર તુલસીની વાતો કરતાં કરતાં મુકુંદરાય પારાશર્યના પુસ્તક 'સત્યકથાઓ' માંથી એક સુંદર પ્રસંગ ટાંકવામાં આવ્યો હતો. એક શાળાના શિક્ષક 'ઈતિહાસનો સૌથી મોટો પ્રશ્ન કયો છે?' એવું વિદ્યાર્થીઓને પૂછે છે. એક પછી એક વિદ્યાર્થી જુદો જુદો જવાબ આપે છે. છેલ્લી બેંચ પર બેઠેલો ગરીબ વિદ્યાર્થી શું જવાબ આપે છે તે જાણવા માટે આપે 'સૌથી મોટો પ્રશ્ન' કાવ્યમાંથી પસાર થવું પડશે. ખુબ જ સરળ કાવ્ય છે પણ ચિત્તને ખળભળાવી મૂકે તેવું છે.

***સૌથી મોટો પ્રશ્ન***

એક દિન મે'તાજીએ છોકરાને પ્રશ્ન કર્યો,
'ઈતિહાસ વિષે પ્રશ્ન સહુથી કયો મોટો છે?'
યાદ કરી છોકરાઓ પ્રશ્નનો વિચાર કરે,
મે'તાજીની આંગળીની ચીંધ સહુ માથે ફરે.
કુરુક્ષેત્ર! ટ્રોય કેરો? ઈતિહાસ ખોટો છે.
ફ્રેન્ચ રાજયક્રાંતિ? એવી ક્રાંતિને ય જોટો છે.
રાજયકેરા ધારા? એવા ધારાનો કયાં તોટો છે?
વીજળી ને સંચાશોધ? એ તો પ્રશ્ન છોટો છે.
નોખા ધર્મ પંથ! એમાં ગડબડ ગોટો છે,
સિપાઈના બળવાના વાંસા પર સોટો છે.
સત્યાગ્રહ! એમાં ય તે કૈંકે વાળ્યો ગોટો છે,
આવડે ન તો તો ગાલે મે'તાજીની થોંટો છે.
છેલ્લી બાંક, છેલ્લો રાંક છોકરો જવાબ દે;
'સાબ! સાબ! પ્રશ્ન એક રોટલાનો મોટો છે.'

- મુકુંદરાય પારાશર્ય

# સાત વેંતના સર્વ જન, કિંમત અક્કલતુલ્ય, સરખા કાગળ હૂંડીના, આંક પ્રમાણે મૂલ્ય




ભોગનો તું ભોગ બનતાં, ચેતજે ઓ બેખબર,
કાળ કોદળા વડે ખોદી રહ્યો છે તું જ કબર!

સૌ માનવી માત્ર જીવનનો હેતુ સમજે અને પોતાની માનવી તરીકેની ફરજો બરાબર નિભાવી જાણે તો આ સૃષ્ટિમાં સ્વર્ગ રચાય! પરંતુ 'ખાટલે મોટી ખોડ' મોટે ભાગે તો કિંકર્તવ્યમૂઢ બની બેસી રહેનારાઓની અહીં તો ભીડ ભરાઈ છે. સંપ -સહકાર ને સંગઠન ભાવના મરી પરવારી છે. આગવી કુશાળાતાઓ ને હુન્નર કળાઓ લુપ્ત થવા માંડી છે. દેશદાઝ, હિમ્મત, નૈતિક તાકાત, નિજી સ્વાર્થમાં રજોટાઈ ગઈ છે. નાના મોટા કજિયા કલહ – ટંટા ફીસાદમાં 'બાર પૂરાબિયા તેર ચોકા' જેવો ઘાટ સર્જાયો છે. આપણા યુવાનો ભોગલંપટ ને મોજીલા થયા, આપણા ધર્મમંદિરો ને સાધુ બાવાની જમાતનું તો કહેવું જ શું?! સમાજને ચૂસનારા – કોરી ખાનારા સાક્ષાત ભગવાન બની બેઠેલા ભગતડા – મહાત્માઓ (અમારા એક મજાકિયા કાકા તો કટાક્ષમાં કહેતા કે, 'મહા એટલે મોટું અને તમ એટલે અંધારું આ મહા-તમાઓ એટલે મોટું અંધારું. અને ભગ એટલે છિદ્ર અથવા કાણું, કાણું એટલે મીંડું, મીંડું એટલે પોલું ને પોલું એટલે પોલંપોલ અને વાન એટલે વાળા. મતલબ કે એવા ભગવાન એટલે મોટું મીંડું, અથવા પોલંપોલ વાળા!!) કવિ શ્રી ધીરાભગત તો કહેતા 'તન જોગી મન કંચન કામની' આવા ઠગ ભગત બાવાઓના પરાક્રમો તો સૌ કોઈ જાણે છે જપ જગતની સેવા કરવાને બદલે પોતાની સેવા કરાવનારા – પગચંપી કરાવનારા અડબંગ ગુરુઓ અંધશ્રદ્ધાળુ ગરીબ જનતાને આશીર્વાદ આપવાનું મહાન (!) કામ કરે છે. છતાં યજમાનોતો બિચારા ઠેરનાઠેર જ હોય છે. ધર્મ ને એબ લગાડનારા આવા પાખંડી – નાલાયક સંતો – મહંતો – આચાર્યો – ગુરુઓએ તો દુનિયાનો દાટ વાળ્યો છે.

આવા વરવા વાસ્તવને સૌ એ સમજવો રહ્યોપ આપણે આપણા માહ્યલાને ઢંઢોળીએપ જરા નિજી સ્વાર્થથી છેટા રહી કોઈ ઉમદા ને ઉચ્ચતમ હેતુ આંખ સામે રાખી જરા લાગણીભીનાં હૈયાથી કામ કરીએપ જગન્નીયંતા જગ ચૌટે આપણને ભીખ માંગવા મોકલ્યા નથી. કૌવત – હીર બતાવવા મોકલ્યા છે. જરા પાણી તો બતાવી જુઓ! ઝઝૂમી જુઓપ. બીજાને કઈ આપી છૂટોપ... ઘસાઈને ઉજળા થવામાં જ ખરો રાજીપો છે. 'રહીમન વો નર મર ચૂકા જો કાહું માગન જાય' માંગવું એ તો મરવા બરાબર છે. માંગતા પહેલા માણસનું મન જ મરી જતું હોય છે. દોસ્તો અહીં 'માંગવું' એટલે ધૂળ જેવા ક્ષુલ્લક સ્વાર્થ માટે આશાળભૂત થવાની વાત છે. એ છોડી કોઈ મહાન-ઉમદા-સર્વકલ્યાણક પરાર્થે માંગવાની વાત તો કાંઈક ન્યારી જ હોય છે. આપણારોજબરોજના વ્યવહારમાં કેટલાય એવા લોકો અચૂક જડી આવશે કે જેમને કંઈક માંગ્યા વગર ચેન ન પડે-દિવસ ન જાય. આમાંથી બહાર આવી કંઈક વિશેષ બનીએ. નોંખા ને ન્યારા બનીએ. મારી દષ્ટિએ નોંખા ને ન્યારા એટલે ગુણવાન બનીએપ. 'કંકરમાંથી શંકર ને નરમાંથી નારાયણ' બનવાની અપાર શક્યતાઓ પંડમાં પડી છે.... દેવ કે દાનવ થવું મનુષ્યના હાથની વાત છે.

સાત વેંતના સર્વજન કિંમત અક્કલતુલ્ય,

સરખા કાગળ હૂંડીના આંક પ્રમાણે મૂલ્ય.

ચેકબુકમાં ચેકના કાગળ તો સરખા જ હોય પણ એમાં આંકડો માંડીએ એટલું મૂલ્ય – તાત્પર્ય એ જ કે થોડેઘણે – વત્તે ઓછે અંશે સદ્દગુણી બનીએ....

આ સદ્દગુણી એટલે શું તમને ખબર છે?

સદગુણ એટલે સ્વર્ગનો પ્રકાશપ સદગુણ એટલે દેવતાઓનો દિવ્ય અંશપ. સદગુણ એટલે જગતની ઉન્નતિની પાંખોપસદગુણ એટલે પુરુષાર્થનું ફળપ. સદ્ગુણ એટલે મનુષ્યની અંદર રહેલી શક્તિઓની ખીલવણીપ સદગુણ એટલે જગતનું સૌંદર્યપ. આત્મિક બળનો પ્રકાશપ. સદગુણ એટલે ઈશ્વરની કૃપાપ.આવા સદ્દગુણીજનો ક્યાંય નજરે ચઢે તો કદર કરવાનું ચૂકશો નહિપ. એમાંથી કઈક પામશોપ દેશ અને દુનિયા, સમાજ અને સમષ્ટિ આવા ઉજળા ચરિત્રોપ. સદ્દગુણી ગુણીજન થકી જ રમ્ય ને ભવ્ય છે.

**સ્પર્શમણિ**

એક શિક્ષકે એક કાગળ પર ભારતનો નકશો દોર્યો પછી તેને અલગ કરી દીધો અને એક વિદ્યાર્થીને પૂછ્યું તું આને ગોઠવી શકે?

વિદ્યાર્થીએ એ કાગળને ઊંધો કરી દીધો તેમાં એક જાહેરાતમાં માણસનો ફોટો હતો વિદ્યાર્થી તે માણસને સરખો કરવા માંડ્યો પછી શિક્ષકે પૂછ્યું તું આ શું કરે છે?

વિદ્યાર્થીએ કહ્યું માણસ સરખો કરું છું.

માણસ સરખો થઈ જશે તો દેહ અને સમાજ સરખો થઈ જશે.

- Rasikvaland1965@gmail.com